# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા બાકી નથી - જ્યાં આતંકવાદીઓ શાંતિથી શ્વાસ લઈ શકે
2) વિદેશ મંત્રાલયે કહ્યું કે, પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી ભારત સિંધુ જળ સંધિને સ્થગિત રાખશે
3) પંજાબમાં, કથિત ઝેરી કેફી દ્રવ્ય પીવાથી સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક 21 પર પહોંચ્યો
4) જમ્મુ અને કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ ઠાર
5) **કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જમ્મુ-કાશ્મીરના હીરાનગરના સરહદી રહેવાસીઓ માટે 600 નવા બંકર બનાવવાની જાહેરાત કરી**

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. PM-ADAMPUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇસ્લામાબાદને એક કડક સંદેશ આપતા કહ્યું કે પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા બાકી નથી જ્યાં આતંકવાદીઓ શાંતિથી શ્વાસ લઈ શકે. તેમણે કહ્યું કે, ભારત પાસે આતંકવાદીઓને તેમના ઘરોમાંથી ખતમ કરવાની ક્ષમતા છે. શ્રી મોદીએ પંજાબના આદમપુરમાં એરફોર્સ સ્ટેશન ખાતે વાયુસેનાના યોદ્ધાઓ અને સૈનિકો સાથે વાતચીત કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું. ઓપરેશન સિંદૂરની સફળતાને બિરદાવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતે પાકિસ્તાનમાં નવ આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો છે અને 100 થી વધુ આતંકવાદીઓને ખતમ કર્યા છે.

(બાઇટ: PM MODI- DESTRUCTION)

શ્રી મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરે દેશનું મનોબળ વધાર્યું છે, દેશને એકતાની દોરીમાં બાંધ્યો છે અને ભારતની સરહદોનું રક્ષણ કર્યું છે. તેમણે કહ્યું કે, સશસ્ત્ર દળોએ દેશના ગૌરવને એક નવી ઊંચાઈ આપી છે જે અભૂતપૂર્વ, અકલ્પનીય અને અસાધારણ છે. તેમણે કહ્યું કે, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા અને માત્ર 20-25 મિનિટમાં સરહદ પારના લક્ષ્યો પર હુમલો કર્યો, તે દર્શાવે છે કે આ આધુનિક ટેકનોલોજીથી સજ્જ એક વ્યાવસાયિક દળ તે હાંસલ કરી શકે છે.

(બાઇટ: PM-MODI--PIN-POINTED-TARGET)

# MEA-BRIEFING

વિદેશ મંત્રાલયે કહ્યું કે, પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી ભારત સિંધુ જળ સંધિને સ્થગિત રાખશે  નવી દિલ્હીમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું જ્યાં સુધી ભારતે આતંકવાદી માળખાનો નાશ કર્યો હતો, જે માત્ર ભારતીયોના જ નહીં પરંતુ વિશ્વભરમાં  અન્ય ઘણા નિર્દોષ લોકોના મોત માટે જવાબદાર હતા શ્રી જયસ્વાલે ઉમેર્યું કે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને લગતા કોઈપણ મુદ્દાઓ પર ભારતનું લાંબા સમયથી રાષ્ટ્રીય વલણ રહ્યું છે, અને ઉમેર્યું કે આ મુદ્દાઓને ભારત અને પાકિસ્તાને દ્વિપક્ષી રીતે ઉકેલવા પડશે.

(બાઇટ: RANDHIR-JAISWAL--MEA-BRIEFING)

એક અન્ય સવાલના જવાબમાં શ્રી જયસ્વાલે કહ્યું કે આ મુદ્દે ભારત અને અમેરિકાના નેતાઓ વચ્ચે લશ્કરી સ્થિતિ પર કોઈ ચર્ચા થઈ નથી. તેમણે જણાવ્યું હતું કે, 7 મેના રોજ ઓપરેશન સિંદૂરની શરૂઆત થઈ ત્યારથી 10 મેના રોજ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહીની સમાપ્તિ અંગે સમજૂતી થઈ ત્યાં સુધી ભારત અને અમેરિકાના નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી પરંતુ આમાંથી કોઈ પણ ચર્ચામાં વેપારનો મુદ્દો સામે આવ્યો ન હતો.

# SHAH-PUDUCHERRY LAWS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પુડુચેરીમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની સમીક્ષા કરી. આ ચર્ચા પોલીસ, જેલ, અદાલતો, કાર્યવાહી અને ફોરેન્સિક સેવાઓ સંબંધિત મુખ્ય જોગવાઈઓની પ્રગતિ અને વર્તમાન સ્થિતિ પર કેન્દ્રિત હતી. આ પ્રસંગે, શ્રી શાહે નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ પર કેન્દ્રશાસિત પ્રદેશની પ્રશંસા કરી અને તેમના વહેલા અમલીકરણની ખાતરી કરવા પર ભાર મૂક્યો. તેમણે ફક્ત તમિલ ભાષામાં FIR નોંધવા અને જેની જરૂર હોય તેને અન્ય ભાષાઓમાં તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પણ હાકલ કરી.

વધુમાં, શ્રી શાહે કહ્યું કે પુડુચેરીના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક અઠવાડિયામાં એકવાર નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરે, ગૃહમંત્રી દર 15 દિવસે અને લેફ્ટનન્ટ ગવર્નર મહિનામાં એકવાર તેની સમીક્ષા કરે. આ બેઠકમાં પુડુચેરીના ઉપરાજ્યપાલ કે. કૈલાશનાથન અને ગૃહ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# VP-MEGHALAYA

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે પૂર્વોત્તરને દેશનું રતન ગણાવ્યું. આજે નવી દિલ્હીમાં ગારો હિલ્સ, ખાસી હિલ્સ અને જયંતિયા હિલ્સ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા મેઘાલયના સ્વ-સહાય જૂથોના સભ્યોને સંબોધતા શ્રી ધનખડે જણાવ્યું કે મેઘાલયના કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદનમાં 13 ટકાનો વધારો થયો છે. તેમણે લુક ઈસ્ટ, એક્ટ ઈસ્ટ' નીતિ હેઠળ થયેલી પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો. શ્રી ધનખડે ભાર મૂક્યો કે જ્યારે મહિલાઓ આગળ આવે છે ત્યારે સંતુલિત આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# EVE PUNJAB-LIQUOR DEATH

પંજાબમાં, કથિત ઝેરી કેફી દ્રવ્ય પીવાથી સર્જાયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક 21 પર પહોંચ્યો છે, જ્યારે અનેક લોકો હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. આ ઘટના અમૃતસરના મજીઠા મતવિસ્તારમાં બની હતી, જ્યાં ચાર ગામોના લોકોએ ગઈકાલે રાત્રે કથિત ઝેરી કેફી દ્રવ્યનું સેવન કર્યું હતું. મૃતકોના પરિવારજનો સાથે મુલાકાત કરીને મુખ્યમંત્રી ભગવંતસિંઘ માને કહ્યું કે જવાબદારોને છોડવામાં આવશે નહીં.

દરમિયાન, બે એક્સાઇઝ અધિકારીઓ, એક નાયબ પોલીસ અધિક્ષક અને એક સ્ટેશન હાઉસ ઓફિસરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં મુખ્ય આરોપી સહિત દસ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ મૃતકના નજીકના સંબંધીઓને 10 લાખ રૂપિયાની સહાય અને પરિવારના એક સભ્યને નોકરી આપવાની જાહેરાત કરી છે. દરમિયાન, વિપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ આ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીની ટીકા કરી છે.

# FURTHER REVISED J&K-GUNFIGHT

જમ્મુ અને કાશ્મીરના શોપિયા જિલ્લાના શુક્રુ કેલર જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

કાશ્મીરના પોલીસ મહાનિરીક્ષક વી કે બિરદીએ આકાશવાણી ન્યૂઝ શ્રીનગરને જણાવ્યું હતું કે માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓ લશ્કર-એ-તોયબા/ટીઆરએફ સંગઠનના સભ્યો હોવાનું માનવામાં આવે છે. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

અગાઉ, સુરક્ષા દળોએ આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ચોક્કસ માહિતી મળ્યા બાદ, ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન આતંકવાદીઓએ ભારે ગોળીબાર કર્યો, જેમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કરાયા.

# CANNES FILM FESTIVAL

પ્રતિષ્ઠિત 78મો કાન્સ ફિલ્મ મહોત્સવનો આજે રાત્રે ફ્રાન્સના ફ્રેન્ચ રેવેરા ખાતે આરંભ થશે. 12 સુધી દિવસ યોજાનાર આ મહોત્સવમાં વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓ, અભિનેતાઓ અને સિનેમા પ્રેમીઓ આંતરરાષ્ટ્રીય સિનેમાની સિદ્ધિઓ દર્શાવવા માટે એકત્ર થશે. દસ્તાવેજી ફિલ્મો સહિત તમામ શ્રેણીઓની ફિલ્મોનું પ્રીમિયર કરવામાં આવશે, જેમાં શ્રેષ્ઠ દિગ્દર્શક, શ્રેષ્ઠ અભિનેતા અને પ્રખ્યાત પામ ડી'ઓર, વગેરે એવોર્ડ વિજેતાઓને એનાયત કરવામાં આવશે.

દરમિયાન, ભારત ફરી એકવાર વૈશ્વિક સિનેમેટિક મંચ પર ચમકવા માટે તૈયાર છે, કારણ કે તે આ વર્ષના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મજબૂત છાપ છોડવાની તૈયારી કરી રહ્યું છે. સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા સત્યજીત રેની 1970 ની ક્લાસિક 'અરણ્યેર દિન રાતરી', જે સૌમિત્ર ચેટર્જી અને શર્મિલા ટાગોર અભિનીત છે, તે કાન્સમાં ક્લાસિક્સ વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવશે.

# J&K: JITENDRA SINGH

પ્રધાનમંત્રી કાર્યાલયમાં કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જમ્મુ અને કાશ્મીરના હીરાનગર સેક્ટરના સરહદી રહેવાસીઓ માટે 600 નવા બંકર બનાવવાની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સરહદી રહેવાસીઓની સુરક્ષા માટે બે હજાર વ્યક્તિગત અને સામુદાયિક બંકર બનાવવામાં આવ્યા છે. તેમણે સરહદી ગામડાઓમાં એડવાન્સ સાયરન સિસ્ટમ લગાવવાની પણ જાહેરાત કરી. હીરાનગરના સરહદી વિસ્તારોના લોકોની ફરિયાદો સાંભળ્યા પછી, ડૉ. સિંહે કહ્યું કે કઠુઆ કદાચ દેશનો પહેલો જિલ્લો છે જેણે આંતરરાષ્ટ્રીય સરહદ પર રહેતા લોકો માટે ફેમિલી બંકરની વિભાવના લાગુ કરી છે અને છેલ્લા છ થી સાત વર્ષમાં બે હજારથી વધુ ફેમિલી બંકર બનાવવામાં આવ્યા છે. ઓપરેશન સિંદૂર દરમિયાન આ ફેમિલી બંકરોની ઉપયોગિતા અને મહત્વનો અહેસાસ થયો.

# OPS SINDOOR-FOREIGN ATTACHE

ડિફેન્સ ઇન્ટેલિજન્સ એજન્સીના મહાનિદેશક લેફ્ટનન્ટ જનરલ ડીએસ રાણાએ આજે 70 દેશોને ઓપરેશન સિંદૂરના સફળ સંચાલન વિશે માહિતી આપી હતી. તેમણે નવા યુગના યુદ્ધમાં લશ્કરી શ્રેષ્ઠતા દ્વારા દેશની પ્રદર્શિત શક્તિ અને રાષ્ટ્રીય સંકલ્પ પર પ્રકાશ પાડ્યો હતો.

લેફ્ટનન્ટ જનરલ રાણાએ આતંકવાદી સંબંધોની પુષ્ટિ ધરાવતા લક્ષ્યોની પસંદગી માટે વિગતવાર આયોજન પ્રક્રિયાનું વર્ણન કર્યું. ભારતીય સશસ્ત્ર દળો દ્વારા મલ્ટી ડોમેન કામગીરી દ્વારા કરવામાં આવેલા ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે સંકલિત, ચોક્કસ અને ત્વરિત પ્રતિભાવ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો. લેફ્ટનન્ટ જનરલ રાણાએ વિરોધીઓ દ્વારા ચલાવવામાં આવતા અવિરત ભારત વિરોધી ખોટી માહિતી અભિયાન અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા પર તેના પ્રભાવનો વિશ્વસનીય રેકોર્ડ પણ રજૂ કર્યો.